ધી રાજસ્થાન નાગરિક સહકારી શરાફી મંડળીની સાધારણ સભા મળી

ખેડબ્રહ્માની રાજસ્થાન નાગરિક સહકારી શરાફી મંડળીની ૨૪મી વાર્ષિક સાધારણ સભા રવિવારે તેરાપંથ ભવનમા ચેરમેન ચંપકલાલ પ્રજાપતિના અદયક્ષ સ્થાને મળી હતી જેમાં મંડળીના મેનેજર યોગેશભાઈ સુથારે હિસાબો રજૂ કર્યા હતા. મંડળી ૪૫૫૦૦૦ નફો કર્યો છે અને સભાસદોને શેર ઉપર ૧૨ % ડિવિડન્ડ આપ્યું હતું. આ સભામાં મંડળીના ચેરમેન ચંપકલાલ પ્રજાપતિ, વા.ચેરમેન શંકરજી માળી ડિરેક્ટર એમ.ડી. રાજમલ કાકા અન્ય ડિરેક્ટરો અને સભાસદો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

દાંતા રેફરલ અને આરોગ્ય કેન્દ્રમાં વર્ગ ચારના કર્મચારીઓ ફરજ પર આવતાં નથી

મહિલા તબીબે વોસ્ટએપના માધ્યમથી સુપ્રીટેન્ડેન્ટને ફરીયાદ કરી

ગુજરાતના સૌથી પછાત તાલુકામા જેનો સમાવેશ થાય છે તે દાંતા તાલુકામા સૌથી વધારે

આદીવાસી સમાજના લોકો વસવાટ કરી રહ્યા છે ત્યારે આ તાલુકાની પ્રજા ભોળી અને મોટેભાગે ખેતીવાડી પર નભે છે આ તાલુકામા સરકાર દ્વારા વિવિધ યોજનાઓ બહાર પાડવામા આવે છે આ સાથે દાંતા આખા તાલુકાનું વડુ મથક છે અહી વિવિધ સરકારી ઓફિસો આવેલી છે સાથે સરકારી હોસ્પીટલ પણ સરકાર દ્વારા બનાવવામાં આવેલ છે આ હોસ્પીટલમા છેલ્લા કેટલાય સમયથી સી.એચ.સી.ના વર્ગ ૪ના કર્મચારીઓ ફરજ પર આવતા નથી અને આ કર્મચારીઓ ન આવવાના કારણે અહીં સારવાર માટે આવતા દર્દીઓને ભારે તકલીફ પડી રહી છે આમ હોસ્પીટલ સતાધીસો તરફથી અસંખ્ય વાર રજૂઆત કરવા છતા આ વર્ગ ૪ ના કર્મચારીઓ પર કોઈ પગલાં ભરવામાં આવ્યા નથી. દાંતા રેફરલ અને આરોગ્ય કેન્દ્રમા વર્ગ ચારના કર્મચારીઓ ફરજ પર આવતા નથી આથી ઈમરજન્સી વખતે જેમકે અકસ્માત, ડીલેવરી વખતે સ્ટાફ નર્સ અને દર્દીને ભારે તકલીફ પડી રહી છે આ વર્ગ ૪ના કર્મચારીગણની અવારનવાર ફરીયાદ કરવા છતા કોઈ જ પગલા લેવાયા નથી આથી છેવટે કંટાળીને આ હોસ્પીટલના મહિલા તબીબ કિંજલબેન મેવાડા તરફથી વોસ્ટએપના માધ્યમથી સુપ્રીટેન્ડેન્ટને ફરીયાદ કરવામા આવી હતી આમ આ હોસ્પીટલના લોકોની માંગ છે કે વર્ગ ૪ના કર્મચારીની તાત્કાલીક ભરતી થાય તો અહીં આવતા દર્દીઓને તકલીફ ન પડે.

સાબરકાંઠા પોલીસે મોડાસા રૂરલ

પોલીસ સ્ટેશન કસ્ટડીમાંથી ફરાર બે આરોપીમાંથી એકને દબોચ્યો

મોડાસા, તા. ૩૦

ત્રણ મહિના અગાઉ મોડાસા ગ્રામ્ય પોલીસસ્ટેશને કાલબેલિયા-જોગી ગેંગના બે

તસ્કરોને ઝડપી પડી રિમાન્ડ મેળવતા જેતે સમયે મધ્યરાત્રીએ લોકઅપમાં રહેલા બંને ખૂંખાર શખ્શો લોકઅપના શૌચાલયની જાળી તોડી ફરાર થતા જીલ્લા પોલીસતંત્ર ઊંધા માથે પછડાયું હતું ગૃહ વિભાગ સુધી આ ગંભીર ઘટનાની નોંધ લીધી હતી જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ, જીલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ, સહીત ૫ ટિમો બનાવી બંને આરોપીઓને ઝડપી પાડવા ધમપછાડા કરી રહી હોવા છતાં ત્રણ મહિના સુધી હવામાં હવાતિયાં મારી રહી હોય તેવો ઘાટ સર્જાતા સરેઆમ નિષ્ફળ રહી હતી ત્યારે સાબરકાંઠા એલસીબી પોલીસે હિંમતનગર ના મોતીપુરા વિસ્તારમાંથી રાજુ હીરાભાઈ કાલબેલિયાને ઝડપી પાડી અરવલ્લી જીલ્લા પોલીસતંત્રને લપડાક આપી હતી.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામા ઝડપાયેલો રાજુ કાલબેલિયા અને મુકેશ જોગી નામના ૨ આરોપી રિમાન્ડ પર હતા તે દરમિયાન ત્રણ મહિના અગાઉ રાત્રીના સુમારે બન્ને આરોપીને મોડાસા રૂરર પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા.મધ્ય રાત્રી પછી શૌચાલયની બારીના સળીયા કાપી આરોપી ફરાર થવામાં સફળ થયા હતા અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર ૫ ટિમો બનાવી ત્રણ મહિનાથી સંભવિત સ્થળોએ સતત શોધખોળ હાથધરાવ છતાં પનો ટુંકો પડ્યો હતો.

સાબરકાંઠા એલસીબી પોલીસે ૨૬ જૂન-૨૦૧૯ બુધવારે સાંજના ૫ વાગ્યાના સુમારે હિંમતનગર ના મોતીપુરા વિસ્તારમાંથી ચોરી-લૂંટની ઘટનાને અંજામ આપે તે પહેલા દબોચી લીધો હતો આરોપીની વધુ તપાસ હાથધરી અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસને સુપ્રત કર્યો હતો અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે પૂછપરછ હાથધરી તેના સાથી મુકેશ જોગી અંગે જાણકારી મેળવવા કવાયત હાથધરી હતી કોર્ટમાં રજુ કરી રાજુ કાલબેલિયાને જ્યુડિશિયલ કસ્ટડીમાં મૂકી દઈ મુકેશ જોગીને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હોવાની માહિતી પોલીસસુત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી.

શ્રી મોડાસા કેળવણી મંડળને ૧૦૦ વર્ષ પૂર્ણની ઉજવણીમાં બાળકોએ બનાવી અનોખી આકૃતિ

અરવલ્લી જિલ્લાની એકમાત્ર જૂની કેળવણી સંસ્થા એટલે મોડાસા કેળવણી મંડળ. શ્રી મોડાસા કેળવણી મંડળના ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. કેળવણીની સ્મૃતિમાં મંડળની તમામ શાળાઓના ૬૦૦૦ વિદ્યાર્થીઓએ 'મોડાસા કેળવણી મંડળ ૧૦૦' જેવી મનોરમ્ય આકૃતિ સર્જી હતી. આ પ્રસંગે મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહ, મંડળના તમામ હોદ્દેદારો તથા નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલ તેમજ મંડળની તમામ શાળાના આચાર્યો, શિક્ષકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક કાર્યક્રમમાં સહભાગી થયા હતા. પ્રાસંગિક ઉદબોધન કરતા બિપીનભાઈ શાહ એ જણાવ્યું કે, શાળાઓના વિકાસ માટે છેલ્લા ૨૬ વર્ષમાં ૧૦ કરોડ રૂપિયાના શૈક્ષણિક ભાવનો, આઈ.ટી.સેન્ટરો તથા શૈક્ષણિક સુવિધાઓ ઉભી કરી. આ વિકાસને વેગ આપવા શાળાના આચાર્યો, શિક્ષકો અને કર્મચારી વર્ગના સહકાર થી શક્ય બન્યું તેમજ દેશ પરદેશના દાતાઓનું મહત્તમ યોગદાન આ ક્ષણે ભૂલી શકાય એમ નથી. આ પ્રસંગે સમીરભાઈ પટેલના વ્યાખ્યાનમાં બુદ્ધિ ની સાથે હૃદયનો વિકાસ એજ કેળવણી નો મૂલ મંત્ર છે.

અરવલ્લી જિલ્લામાં વિકાસની

ગ્રાન્ટની વિવિધ યોજનાઓમાં ખુલ્લો ભ્રષ્ટાચાર...!!

એ.ટી.વી.ટી ગ્રાન્ટ, ૧૫ ટકા વિવેકાધિન જિલ્લા સ્વભંડોળ જેવી વિવિધ ગ્રાન્ટમાં નીચેથી લઈ પર સુધી ભ્રષ્ટાચાર

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લામાં વિકાસના કામોની કેન્દ્ર સરકાર દ્વારા વર્ષે દહાડે ફેલાવતી અબજો રૂપિયાની ગ્રાન્ટ માંથી જીલ્લાનો વિકાસ નહિવત અને રાજકીય પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ, સરપંચ, તલાટી, નગરપાલિકાના કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરો ખિસ્સાનો વિકાસ વિપુલ પ્રમાણમાં થઈ રહ્યો છે વિકાસના કામોમાં ભ્રષ્ટાચારની ઉધઈ લાગતા જીલ્લાનો વિકાસ રૂંધાઈ ગયો છે.

> **સરકારની વિકાસની ગ્રાન્ટમાંથી કામ કરનાર કોન્ટ્રાક્ટરના જણાવ્યા અનુસાર**
>
> એક સરકારી કોન્ટ્રાકટરે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, ટેન્ડરમાં કામ લાગ્યા પછી ૫ ટકા ડિપોઝીટ, ૨ ટકા ટેસ્ટિંગ લેબોરેટરી તદુપરાંત સરપંચ, તલાટી,તાલુકા પંચાયત,જીલ્લા પંચાયત અધિકારીઓ, પદાધિકારીઓને ટકાવારી, મજૂરી માટે કરવો પડતો ખર્ચ નો અંદાજ લગાવી તેમાંથી ગ્રાન્ટની રકમ જે વધે તેમાંથી વિકાસના કામો કરવા કોન્ટ્રાક્ટર મજબુર બનતા હોવાથી વિકાસના કામોની ગુણવત્તા જળવાતી ન હોવાનું જણાવ્યું હતું

અરવલ્લી જીલ્લામાં અંતરિયાળ વિસ્તારો વિકાસથી જોજનો દૂર છે ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના અને પ્રાથમિક સુવિધાના અભાવે લોકો શહેર તરફ પ્રયાણ કરવા મજબુર બન્યા છે.

અરવલ્લી જીલ્લામાં વિકાસના કામો હેઠળ રાજ્ય અને કેન્દ્ર સરકારની ગ્રાન્ટો જેવી કે એટીવીટી,૧૫ ટકા વિવેકાધિન, જીલ્લા સ્વભંડોળ, ધારાસભ્ય, સાંસદ સભ્ય અને રાજ્યસભાના સાંસદની ગ્રાન્ટમાં ગ્રામ્ય વિસ્તારોમાં કામ કરનાર કોન્ટ્રાક્ટર પાસે ૫ ટકા સરપંચ, તલાટી, ૫ ટકા તાલુકા પંચાયત,૫ ટકા જીલ્લા પંચાયત અધિકારીઓ અને કર્મચારીઓ અને ગ્રાન્ટ ફાળવણી કરનાર રાજકીય પદાધિકારીઓને પણ ટકાવારી અપાવી પડતી હોવાથી જીલ્લામાં વિકાસ રૂંધાયો હોવાની ચર્ચા પ્રજાજનોમાં પ્રબળ બની છે જીલ્લામાં સરકારી

કામકાજ કરનાર કોન્ટ્રાકર ટકાવારી આપવામાં આનાકાની કરે તો કોઈ પણ રીતે કોન્ટ્રાક્ટરે કરેલ વિકાસના કામના વાંધા-વાંચકા કાઢી બિલ અટકાવી દેવામાં આવે છે વિકાસના કામો પણ કેટલાક મળતિયા કોન્ટ્રાક્ટરોને લાગે તે રીતે ટેન્ડર પ્રક્રિયા હાથધરવામાં આવે છે.

જીલ્લામાં આવેલી માર્ગ અને મકાન વિભાગની વિવિધ શાખાઓ અને નગરપાલિકામાં મળતિયા કોન્ટ્રાક્ટર સિવાય અન્ય કોન્ટ્રાક્ટર કે બહારની એજન્સીને કામ લાગેતો બિલ પાસ કરતા સમયે વિવિધ અડચણ ઉભી કરી હેરાન કરવામાં આવતા હોવાથી બીજીવાર ટેન્ડર ભરવાનું જ બંધ કરી દેતા હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી

જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં થતા વિકાસના કામો અને ગ્રાન્ટનો ઉપયોગ પુરેપુરો થાય તે માટે દરેક કામો પર સરકારની સીધી દેખરેખ થયા તે માટે જીલ્લા કલેક્ટર અને વિજિલન્સની ટિમ દ્વારા નક્કર પગલાં ભરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

બનાસકાંઠા ભૂસ્તર વિભાગ દ્વારા કાંકરેજ તાલુકાના કસલપુરમાં આવલ બનાસ નદીના પટ્ટમાં મધરાતે ખાણ ખનિજના દરોડા પાડી એક હિટાચી મશીન અને ડમ્પર સીઝ કરવામાં આવતા અન્ય ભૂમાફીયાઓમાં ફફડાટ પ્રસરી ગયો છ.બનનસકાંઠામાં રાત્રીના સમયેભૂમાફીયાઓ દ્વારા રાત્રી દરમીય ખનિજની ચોરી કરવામાં આવતી હોવાની ફરીયદો ઉઠવા પામી હતી.જેના પગલે ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જાષી દ્વારા રાત્રી દરમીયાન કાંકરેજ તાલુકાના કસલપુર વોચ ગોઠવી હતી.અનરોયલ્ટી ચોરી કરતા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરી એક હિટાચી મશીન અને ડમ્પર સીઝ કરવામાં આવ્યુ હતુ.તેમજ પાલનપુરમાંથી માટી ભરેલ એક ડમ્પર જપ્ત કરવામાં આવ્યુ હતુ.આમ જુદા જુદા બે કેસોમાં ભૂસ્તર વિભાગેએ ૭૫ લાખ ઉપરાંતનો દંડ ફટકારવામાં આવતા અન્ય ભૂમાફીયાદઓમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

મોડાસામાં સોશિયલ મીડિયા થકી અરવલ્લી જિલ્લામાં અનેક ગ્રુપ સેવાકીય પ્રવૃતિઓ

મોડાસા, તા. ૩૦

દર વર્ષે ૩૦ મી જૂને વિશ્વ

સોશિયલ મીડિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે સોશિયલ મીડિયા દ્વારા આપણે દૂર બેઠેલા લોકો સાથે વાતચીત કરી શકીએ છીએ. આપણે આપણા અભિપ્રાય આપી શકીએ છીએ, તેથી આજે તે આપણા રોજિંદા જીવનનો એક ભાગ બની ગયું છે.અરવલ્લી જીલ્લામાં સોશિયલ મીડિયાના વિવિધ ગ્રુપો થકી યુવાનો અને જીલ્લાવાસીઓ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી સદ્દ ઉપયોગ કરી રહ્યા છે "આપણું મોડાસા" "મોડાસા સિટી" "આપણું મોડાસા શહેર" થકી જીલ્લાના પ્રજાજનો અન્ય શહેરો, રાજ્યો અને વિદેશમાં નોકરી,ધંધા રોજગાર થકી વસવાટ કરતા હોય તેમને જીલ્લામાં બનતી તમામ ઘટનાઓની પળેપળ ની માહિતી મળી રહે તેવો પ્રયાસ થઈ રહ્યો છે. મોડાસા શહેરમાં સોશિયલ મીડિયા થકી બનેલ "આપણું મોડાસા" ગ્રુપમાં સામાજિક સદભાવના, સમાનતા સાથે યુવાનો,યુવતીઓ,મહિલાઓ અને અગ્રણીઓના બનેલ આ ગ્રુપ થી મોડાસા શહેરમાં ગરીબ બાળકો,વિદ્યાર્થીઓ અને જરૂરિયાત મંદ લોકોની સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં ફેસબુક,વોટ્સએપ્પ પર અનેક ગ્રુપ થકી યુવકો લોકોને મદદરૂપ બની રહ્યા છે "મેરે દોસ્ત મેરી જાન" અન્ય એક ગ્રુપ પણ જરૂરિયાત મંદ લોકોની સેવા માટે કાર્યરત છે.

તલોદમાં લૉ કોલેજ શરૂ થશે : બાર કાઉન્સીલની ટીમે મુલાકાત લીધી

હિંમતનગર, તા. ૩૦

વેપારીમથક ગણાતા તલોદ ખાતે લૉ કોલેજ શરૂ કરવાની તાજેતરમાં મંજૂરી મળી છે જેથી આ કોલેજમાં ૧૨૦ બેઠકો ભરાશે જે અંતર્ગત શુક્રવારે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમે ભૌગોલિક ચકાસણી માટે શુક્રવારે તલોદની મુલાકાત લીધી હતી.

આ અંગેની વિગત એવી છે કે વેપારી મથક તલોદની આસપાસ આવેલા ચાલીસથી વધુ ગામના યુવાનોને અત્યાર સુધી કાયદાકીય ડીગ્રી (એલ.એલ.બી.)ના અભ્યાસ માટે હિંમતનગર, મોડાસા અથવા તો અમદાવાદ જવુ પડે છે. દરમિયાન તલોદમાં અત્યારે આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની કોલેજો કાર્યરત છે ત્યારે અહીંના શિક્ષણપ્રેમીઓએ લૉ કોલેજ શરૂ થાય તે માટે અનેક પ્રયાસો કર્યા હતા.

દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા તલોદમાં લૉ કોલેજ શરૂ કરવા માટે હકારાત્મક અભિગમ દાખવવામાં આવતા તાલુકાની પ્રજામાં આનંદની લાગણી પ્રસરી છે. જોકે લૉ કોલેજ શરૂ કરતા પહેલા આ વિસ્તારની ભૌગોલિક ચકાસણી કરવા માટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પૂર્વ જસ્ટીસ જી. યુવિરાજુ તથા પાંચ સભ્યોની ટીમે તલોદની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે માજી મુખ્યમંત્રી અને મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના પુત્રી તથા તલોદ કેળવણી મંડળના ચેરમેન અનાર પટેલ, ધારાસભ્ય કુબોર ડીંડોર, માજીમંત્રી વી.ડી. ઝાલા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, મંડળના પ્રમુખ તૃષારભાઈ પટેલ તથા શિક્ષણપ્રેમી કનુભાઈ પટેલ સહિત નરેન્દ્ર પટેલ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

મીનીટ્રકમાં ગેસની સગડીઓની આડમાં વિદેશી દારૂ ઝડપાયા

શામળાજી પોલીસે ૧૬.૮૭ લાખનો દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૩૦

અરવલ્લી જીલ્લામાં વિદેશી દારૂની રેલમછેલ વચ્ચે ઉત્તર ભારતના રાજ્યમાંથી બુટલેગરો નિતનવા નુસખા અપનાવી અવિરત વિદેશી દારૂ ઘુસાડવામાં આવી રહ્યો છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક વેણપુર ગામની સીમમાંથી ગેસની સગડીઓના બોક્સની આડમાં લઈ જવાતો ૧૬.૮૭ લાખનો વિદેશી દારૂ સાથે ટ્રક ચાલકની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

શામળાજી પીએસઆઈ કેતન વ્યાસ અને તેમની ટીમે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર સઘન પેટ્રોલિંગ હાથધરી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપી રહ્યા છે વેણપુર ગામ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરી બાતમીના આધારે મીની ટ્રક (ગાડી.નં. MH.04. HY. 9873)ને અટકાવી તલાસી લેતા ગેસ સગડીઓ અને અન્ય માલસામાન પાછળ સંતાડી રાખેલો બોટલ નંગ ૪૦૬૮ જેની કિ.રૂ કિ.રૂ ૧૬,૮૭,૨૦૦/- નો વિદેશી દારૂ જપ્ત કરી પવનકુમાર લીચ્છુરામ સોની ઉ.વ. ૩૦ રહે. ધાનોઠીબડી તા.રાજગઢ જી.ચુંરૂ રાજસ્થાન ને દબોચી લીધો હતો મીની ટ્રક ગાડીની કિ રૂ ૧૦,૦૦,૦૦૦/-તથા મોબાઈલ નંગ-૧ કિ રૂ ૧૦૦૦/- તથા ભારતીયા બનાવટનો ઈગ્લીશ દારૂ છુપાવવા કવરીગ તરીકે ઉપયોગમાં લીધેલ ગેસની સગડીઓ તથા સામાન પેક કરેલ નાના મોટા ખોખા નંગ ૧૧૨ આશરે કિ.રૂ. ૮,૦૦, ૦૦૦/- મળી કુલ રૂ.૩૪,૮૮, ૨૦૦ /- ના મુદ્દામાલ જપ્ત કરી મિનિટ્રકમાં વિદેશી દારૂ ભરી આપનાર અનિલકુમાર સતબીરસીગ ભામબુ (મુળ રહે. ફલેટ નંબર ૨૦૫ શ્રી ક્રિષ્ણા બીલ્ડીગ રહાનાલ ભીવાન્ડી મહારાષ્ટ્ર હાલ રહે. ઓટોમારકેટ હિસ્સાર હરીયાણા) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ભિલોડાના ટોરડા નજીક પીકઅપ ડાલાને ફિલ્મી ટબે

બે બાઈક પર આવેલા લુટારુએ અટકાવી ૪૮ હજારની લૂંટ ચલાવી રફુચક્કર

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે જીલ્લામાં તસ્કરો, લૂંટારુઓ અને ચેન સ્નેચરોના ત્રાસથી તોબા પોકારી ઉઠેલા પ્રજાજનો નો ખાખી વર્દી પરથી ભરોષો ઉઠી રહ્યો છે ભિલોડા તાલુકાના કુશાલપુરા પહાડા ગામ વચ્ચે નદી માંથી મરઘાં નું વેચાણ કરી પીકઅપ ડાલુ લઈ પરત ફરતા સમયે બે પલ્સર બાઈક પર આવેલા ૪ શખ્શોએ પીકઅપ ડાલુ ફિલ્મી સ્ટાઈલ અટકાવી ચાવી કાઢી લેતા વેચાણના રૂપિયા બચાવવા ડ્રાઈવર અને સેલ્સમેન ભાગવા જતા ડ્રાઈવર પાસે રહેલી બેગ આરોપીઓએ લૂંટી લઈ

બાઈક પર હવામાં ઓગળી ગયા હતા. ભિલોડાના કુશાલપુરા પહાડા ગામ વચ્ચે નદી માંથી ટોરડા ગામની સીમમાં ફિલ્મી પ્લોટ જેવી લૂંટની ઘટનાથી ચકચાર મચી હતી મોડાસાના રાણાસૈયદમાં રહેતો ગુલામનબી કાલુભાઈ મુલતાની અને ફેઝુલ પીકઅપ ડાલામાં મરઘાં લઈ ભિલોડા તાલુકામાં વેચાણ કરી પરત ફરી રહ્યા હતા કુશાલપુરા પહાડા ગામ વચ્ચે નદી માંથી પસાર થતા સમયે બે પલ્સર બાઈક પર ૪ લૂંટારુઓ ધસી આવી દોડતા પીકઅપ ડાલાની બાજુમાં બાઈક લાવી ડ્રાઈવર બાજુના પગથિયાં પર ચઢી જઈ પીકઅપ ડાલુ બંધ કરી ચાવી કાઢી લઈ મોબીલે ઝુંટવી લેતા આકસ્મિક બનેલી ઘટનાથી પીકઅપ ડાલામાં બેઠેલો ફેઝુલ રૂપિયા બચાવવા બેગ સાથે નદીમાં દોટ મુકતા લૂંટારુએ પીછો કરતા ફેઝુલે રૂપિયા ભરેલ બેગ ડ્રાઈવર ગુલામનબી તરફ નાખતા ગુલામનબી બેગ લઈ ભાગવા જતા ૪ શખ્શોએ તેનો પીછો કરી ૪૮૦૦૦/- રૂપિયા ભરેલી બેગ તફડાવી ફરાર થઈ ગયા હતા.